Extra No. 253

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette
EXTRAORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. LXVI] **WEDNESDAY, JULY 9, 2025 / ASADHA 18, 1947**

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

જાહેરનામુ

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૧) તથા ૩૭(૩) અન્વયેનો

નં.પીઓએલ/૨/જાહેરનામુ/એસ.આર./૭૭/૨૦૨૫.-આગામી તા.૨૨/૦૬/૨૦૨૫ ના રોજ જીલ્લામાં ગ્રામ પંચાયતની ચુટણી યોજાનાર હોય તથા તા.૨૫/૦૬/૨૦૨૫ ના રોજ પંચાયત ચુટણીની મત ગણતરી થનાર હોય તેમજ તા.૨૮/૦૬/૨૦૨૫ ના રોજ રથયાત્રાનો તહેવાર ઉજવવામાં આવનાર હોય અત્રેના જિલ્લાની હાલની પરિસ્થિતિને ધ્યાને લઈ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે હેતુસર ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ ૩૭(૧), ૩૭(૩) અન્વયે તા.૨૩/૦૬/૨૦૨૫ થી તા.૦૭/૦૭/૨૦૨૫ સુધી (બંન્ને દિવસો સુધ્ધાંત)નું જાહેરનામુ પ્રસિધ્ધ કરવા સારૂ પોલીસ અધિક્ષકશ્રી, આણંદનાઓએ તેમના તા.૧૯/૦૬/૨૦૨૫ ના પત્ર ક્રમાંક:એલઆઈબી/કા.વ્ય/જાહેરનામુ/૮૭૩/૨૦૨૫ થી દરખાસ્ત અત્રે મોકલી આપેલ છે.

વાસ્તે, હું ઋતુરાજ દેસાઈ (G.A.S), અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, આણંદ, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૧) તથા ૩૭(૩) થી મને મળેલ અધિકારની રૂઈએ સમગ્ર આણંદ જીલ્લામાં તા.૨૩/૦૬/૨૦૨૫ થી તા.૦૭/૦૭/૨૦૨૫ સુધી (બંન્ને દિવસો સુધ્ધાંત) નીચેના કૃત્યો કરવાની મનાઈ ફરમાવું છું.

(૧) હથિયાર, તલવાર, ભાલા, ધોકા, લાકડી કે લાઠી, સળગતી મશાલ અથવા બીજા હથિયારો કે જેનાથી શારિરીક ઈજા કરી શકાય તે સાથે ફરવાનું.

(૨) સક્ષમ અધિકારીની પરવાનગી સિવાય/ બિન અધિકૃત રીતે ચાર કરતાં વધુ માણસોએ એકત્ર થવુ નહી, ચાર કરતાં વધુ માણસોની કોઈ સભા ભરવી કે બોલાવવી નહી તથા સરઘસ કાઢવું નહી.

વિસ્તાર : સમગ્ર આણંદ જીલ્લો.

ખુલાસો: આ વિસ્તારમાં રસ્તાઓ, રસ્તાની ફુટપાથ, ગલીઓ અને પેટા ગલીઓનો તથા જાહેર મકાનોનો સમાવેશ થાય છે.

અપવાદ: આ હુકમનો ખંડ-૧ જે માણસ સરકારી નોકરીમાં અથવા કામગીરીમાં હોય જેઓ ફરજ ઉપર હોય તથા અશક્ત લોકોને લાગુ પડશે નહી.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ હેઠળ અથવા ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે હેડ કોન્સ્ટેબલ કે તેનાથી ઉપરના દરજ્જાના પોલીસ અધિકારીશ્રીઓને જાહેરનામાના ભંગ બદલ ગુનો દાખલ કરવા અધિકૃત કરૂ છુ.

મે આજરોજ તા. ૨૧/૦૬/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

ઋતુરાજ દેસાઈ,
અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ
આણંદ

Signature Not Verified
Signed by:MAHENDRA DHARKAR
Date: 2025.07.28 17:24:54 +05:30
Reason: Validate Document
Location: Government Press & Stationery, Vadodara